"મા" યોજના હેઠળ કોવિડ-૧૯ મહામારીના સમયગાળા દરમિયાન અનાથ બનેલાં બાળકોને સહાય કરવા બાબત.

ગુજરાત સરકાર

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

ઠરાવ ક્રમાંક: એફપીડબલ્યુ-૧૦૨૦૨૧-૭૬૦-બ.૧

સચિવાલય ગાંધીનગર.

તા.30/0૭/૨૦૨૧

વંચાણે લીધા:-

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૮/0૪/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ-૧૦૨૦૧૨/૪૭૧/બ.૧.

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૩/0૮/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ-૧૦૨૦૧૨/૪૭૧/બ.૧.

(3) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૬/03/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ-૧૦૨૦૧૨/૪૭૧/બ.૧.

(૪) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. 0૧/0૪/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ-૧૦૨૦૧૨/૪૭૧/બ.૧.

(૫) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧૮/૧૦/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ-૧૦૨૦૧૨/૪૭૧/બ.૧

(૬) નાણાં વિભાગના તા. ૨૨/૧૨/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક:- ખરચ/ ૧૦૨૦૧૬/૧૨૩૪/ઝ.૧.

(૭) માહિતી અને પ્રસારણ વિભાગના તા.૩૧/0૭/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:- જનલ/૧૦૨૦૧૭/૨૪૩/બ

(૮) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.0૪/૧૦/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:- એફપીડબલ્યુ-૧૦૨૦૧૭/૮૭૨/બ.૧

(૯) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૭/03/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક:- એફપીડબલ્યુ-૧૦૨૦૧૭/૮૭૨/બ.૧

(૧૦) શ્રમ અને રોજગાર વિભાગનાં તા.0૪/૧૨/૨૦૧૫ નાં ઠરાવ ક્રમાંક: યુઓએલ/૧૩૨૦૧૫/૨૨૩/મ(૨).

Scanned with CamScanner

(૧૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૮/૦૨/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:- એફપીડબલ્યુ-૧૦૨૦૧૨-૪૭૧ બ-પા-૧-બ-૧.

(૧૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૮/૦૬/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:- એફપીડબલ્યુ-૧૦૨૦૧૯-૨૧૯-બ-૧.

(૧૩) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૦૫/૦૭/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:- એફપીડબલ્યુ-૧૦૨૦૧૯-૯૪૨-બ.૧

(૧૪) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.30/૦૭/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:- એફપીડબલ્યુ-૧૦૨૦૧૯-૫૨-બ-૧.

(૧૫) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૦૯/૧૦/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક:- એફપીડબલ્યુ-૧૦૨૦૨૦-૧૩૫૦-બ-૧.

(૧૬) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૧/૦૬/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક:- જજઅ/૧૦૨૦૨૧/૨૧૮૭૦૨/છ.

(૧૭) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની તા.૨૭/૦૭/૨૦૨૧ ની સીંગલ ફાઇલ પરની મંજૂરી.

<u>આમુખ:-</u>

સંદર્ભ ક્રમાંક:- (૧) નાં ઠરાવથી ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૨ થી ગરીબ રેખા હેઠળ જીવતા કુટુંબ (પાંચ વ્યક્તિ) ને ગંભીર બિમારીઓ માટે કેશલેસ સારવાર મળી રહે અને આર્થિક રીતે ખર્ચાળ એવા ગંભીર રોગોમાં ગરીબી રેખા હેઠળ જીવતા અને મધ્યમ વર્ગનાં પરિવારોને મદદરૂપ થવાના હેતુથી "મા" અને "મા-વાત્સલ્ય" યોજના અમલી કરેલ છે.

સંદર્ભ દર્શિત ક્રમાંક:- (૨) થી (૧૫) નાં ઠરાવોથી "મા" અને "મા-વાત્સલ્ય" યોજના અંતર્ગત ગરીબી રેખા હેઠળ જીવતા પરિવારો, વાર્ષિક રૂ. ૪.૦૦ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા મધ્યમ વર્ગના પરિવારો, રાજ્ય સરકારનાં વર્ગ- ૩ અને વર્ગ- ૪ ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણુંક આપેલ ફિક્સ પગારનાં કર્મચારીઓ, માન્યતા પ્રાપ્ત પત્રકારો અને તેમનાં પરિવારો, ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારના તમામ આશા બહેનો અને તેમનાં પરિવારો, યુ-વીન કાર્ડ ધારકો અને તેમનાં પરિવારો, વાર્ષિક રૂ. ૬ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા કુટુંબોના સિનિયર સીટીઝનો, રાજ્ય સરકારના જુદા જુદા જાહેર સાહસોના બિનસરકારી અધ્યક્ષશ્રી તથા બિનસરકારી ઉપાધ્યક્ષશ્રીઓ, વૃદ્ધાશ્રમના વૃધ્ધો, અનાથ આશ્રમના બાળકો, વિધવાશ્રમની વિધવાબહેનો અને ત્યક્તાઓ,સાત્વિક જીવન જીવતા સાધુ-સંતો, માનસિક રોગીઓ તેમજ નિ:સહાય લોકો, ગુજરાત વિકટીમ કોમ્પસેશન સ્કીમ-૨૦૧૯ના અસરગ્રસ્તો- રેપ વિકટીમ, એસિડ વિકટિમ, જાતિય હિંસાના ગુનાઓ જેવા બનાવોના અસરગ્રસ્તો, કોરોના

Scanned with CamScanner

વોરિયર્સના કુટુંબો (પોલીસ, સફાઈ કામદાર અને આરોગ્ય કર્મચારી)ને "મા" અને "મા-વાત્સલ્ય" યોજના હેઠળ લાભ આપવામાં આવે છે. "મા" અને "મા વાત્સલ્ય" યોજનાના લાભાર્થીઓને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના મુજબ રૂ. ૫ (પાંચ) લાખ સુધીની કેશલેસ સારવાર મળવા પાત્ર છે.

ઉપરોક્ત સંદર્ભ ક્રમાંક:-(૧૬) નાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ અને કમિશનરશ્રીની ૨૭/૦૭/૨૦૨૧ની સીંગલ ફાઇલ પરની દરખાસ્ત અન્વયે "મા" અને "મા-વાત્સલ્ય" યોજના હેઠળ ૦ થી ૧૮ વર્ષ સુધીની વય જૂથના બાળકોના માતા-પિતા બંનેનું કોરોનાના સમયગાળા દરમિયાન અવસાન પામેલ હોય તેવા કેસમાં નિરાધાર થયેલ બાળકોને મુખ્યમંત્રી બાળ સેવા યોજના અંતર્ગત આવક મર્યાદાને ધ્યાને લીધા સિવાય મુખ્યમંત્રી અમૃતમ યોજનાનો લાભ આપવાની બાબત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:-

આથી પુખ્ત વિચારણાને અંતે કોવિડ-૧૯ મહામારીના સમયગાળા દરમિયાન અનાથ બનેલાં બાળકોને સહાયના ભાગ રૂપે મુખ્યમંત્રી અમૃતમ યોજનાનો લાભ આવક મર્યાદાને ધ્યાને લીધા સિવાય અગ્રતાના ધોરણે નીચેની વિગતે "મુખ્યમંત્રી અમૃતમ યોજના" નો લાભ આપવાનું ઠરાવવામાં આવે છે. આ બાબત અન્વયે નીચે મુજબની માર્ગદર્શક સુચનાઓને અનુસરવાનું રહેશે.

### લાભાર્થી કુટુંબની પાત્રતા:

અ) ૦ થી ૧૮ વર્ષ સુધીની વય જૂથના જે બાળકોના માતા-પિતા બંનેનું કોરોનાના સમયગાળા દરમિયાન મૃત્યુ થયેલ હોય તેવા બાળકો .

બ) કોરોના ના સમયગાળા અગાઉ જે બાળકના માતા/પિતા બંનેનું અવસાન થયું હોય તે બાળકના પાલક માતા/પિતા(adoptive parents) પણ જો આ કોરોનાના સમયગાળા દરમિયાન અવસાન પામ્યા હોય તો તેવા ફરીથી અનાથ બનેલ બાળકો.

ક) જે બાળકના એક વાલી(માતા કે પિતા) કોરોનાના સમયગાળા અગાઉ અવસાન પામેલ હોય બીજા વાલી(માતા કે પિતા) કોરોનાના સમયગાળા દરમિયાન અવસાન પામે તો તેવા કેસમાં પણ નિરાધાર થયેલ બાળકો.

ઉક્ત પાત્રતા ધરાવતા બાળકોને મુખ્યમંત્રી અમૃતમ યોજનાનો લાભ આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય મળવાપાત્ર થશે.

### લાભ મેળવવાની પ્રક્રિયા:

મુખ્યમંત્રી અમૃતમ યોજનાનો લાભ મેળવવા માટે લાભાર્થી કુટુંબે નોડલ વિભાગનું પ્રમાણ પત્ર, પરિવારજનોનું રાશન કાર્ડ, ઓળખના પુરાવા તરીકે આધાર કાર્ડ વગેરે રજુ કરવાનું રહેશે.

Scanned with CamScanner

જેમાં આવકની મર્યાદા ને ધ્યાને લીધા સિવાય લાભ મળવાપાત્ર થશે. આ યોજના અંતર્ગત કાર્ડ મેળવવા માટે ઉપરોક્ત પુરાવા સાથે લાભાર્થીએ નજીકના નોંધણી કેન્દ્ર પર જઇ કાર્ડ મેળવવાનું રહેશે.

યોજનાની સામાન્ય શરતો:-

(૧) મુખ્યમંત્રી બાળ સેવા યોજના"ના અમલીકરણ માટે સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગે નોડલ વિભાગ તરીકે કાર્યવાહી કરવાની રહેશે. જેમાં નોડલ વિભાગ દ્વારા નક્કી કરેલ લાભાર્થીની યાદી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને સમયાંતરે પાઠવવાની રહેશે.

(૨) માર્ચ-૨૦૨૦થી કોરોના મહામારીના અંત સુધી આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૩) જે અનાથ બાળકનું કુટુંબ ગુજરાતના મૂળ વતની હોય અથવા ગુજરાતમાં છેલ્લા દસ વર્ષથી કાયમી વસવાટ કરતું હોય તેવા બાળકોને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૪) આ યોજના માટેનો ખર્ચ "મા" યોજનાના બજેટ સદરેથી કરવાનો રહેશે.

યોજના અંતર્ગત સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને આરોગ્ય વિભાગના મૂળભૂત ઠરાવોની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૨૯/૦૭/૨૦૨૧ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અતુલ.એન.પટેલ)
ઉપ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન, મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન, મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન, મંત્રીશ્રી (આરોગ્ય) મંત્રીશ્રી.ક.રા. અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી,(આ.પ.ક.વિ.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગર

Scanned with CamScanner

- અધિક મુખ્ય સચિવશ્રી, મહેસુલ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સર્વે અધિક સચિવશ્રી/નાયબ સચિવશ્રી/ ઉપસચિવશ્રી
- નાણાં સલાહકારશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ
- કમિશ્નરશ્રી, (આરોગ્ય), કમિશ્નરશ્રી આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(પ.ક.) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(આરોગ્ય) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(તબીબી) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(ત.શિ.) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, ભારતીય તબીબી અને હોમિયોપેથી, પધ્ધતિ,૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, તબીબી સેવાઓ કામદાર રાજ્ય વિમા યોજના, ઇન્કમટેક્ષ ઓફિસ સામે આશ્રમરોડ, અમદાવાદ.
- નાણાં વિભાગ, બજેટ શાખા, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી રાજકોટ અમદાવાદ/
- પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ. ગાંધીનગર
- સીસ્ટમ મેનેજર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સચિવાલય, ગાંધીનગર તરફ વેબ સાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે

<u>નકલ રવાના કમિશ્નરશ્રીની કચેરી મારફત..</u>

- સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ આરોગ્ય અને તબીબી સેવાઓ
- જિલ્લા કલેક્ટરશ્રીઓ (તમામ)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ)
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી (તમામ)
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી (તમામ)
- સિલેક્ટ ફાઇલ – ૨૦૨૧

Scanned with CamScanner